॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ - ૦૧ | શનિવાર | તા.: ૧૦.૧૨.૨૦૨૨ | SDP No. : 961 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

12મી ડિસેમ્બરે ગુજરાતમાં PM મોદીની હાજરીમાં નવી સરકારની શપથવિધિ

૧૨ ડિસેમ્બર બપોરે ૦૨ વાગ્યે નવી સરકારના સભ્યોની શપથવિધિ યોજાશે



ભાજપે બહુમતી સાથે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં 156 બેઠકો કબ્જે કરી છે અને ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. એવામાં હવે ભાજપ નવી સરકારની શપથ વિધિ આગામી 12 તારીખે યોજાશે તેવી જાહેરાત કરવામ આવી છે. સરકારના મંત્રી મંડળના શપથવિધિ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પોતે પણ હાજર રહેવાના છે.

ગુજરાતમાં નવી સરકારના મંત્રી મંડળની શપથવિધિમાં અનેક કેન્દ્રીય નેતોઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી પુરસોત્તમ રૂપાલા, સ્મૃતિ ઇરાની, નીતિન ગડકરી, મનસુખ માંડવીયા સહિતના કેન્દ્રિયમંત્રી ઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સિવાય દેશભરના ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીને પણ શપથવિધિ સમારંભમાં હાજર રહેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મળતી માહિતી અનુસાર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણા મુખ્યમંત્રી મનોહરલાલા ખટ્ટર, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીને તેમજ કર્ણાટકના મુખ્યમંત્રી જગદીશ સેંટરને પણ ગુજરાતની નવી સરકારના શપથવિધિ સમારંભમાં હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

રથના સારથી...

અબડાસા વિધાનસભા ના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજા ના રથના સારથી એવા ભરતભાઇ સોમજીયાણી ની સખત મેહનત રંગ લાવી.. ખુબ ખુબ અભિનંદન

મંથન...કરીએ આમ કેમ

2001 ની સાલ પહેલા આપણી સમાજ પાસે સંગઠન અને સેવા ના પાઠ ભણવા આવતા શ્રી આર.આર. પટેલ ની આગેવાની મા લેવા પટેલ સમાજ ની માત્ર 5 લોકોની ટીમ ને વંદન...

આરોગ્ય અને શિક્ષણ-પ્રશિક્ષણ (સ્કુલો-કોલેજો-નર્સીંગ કોલેજો) અને કૃષિવિષયક (સજીવ ખેતી તરફ નો પ્રયાસ-કૃષિવિષયક મોલ) સહિત કામો મા નેત્રદિપક કામો અને આપણે.....!!!

પ્રેરણા લઈએ તો .....કેવુ રહે...

દિનેશ ડાયાણી,
નખત્રાણા

સનાતન ધર્મ નાં પહેરદાર જ્યારે આવું કરે?



ઈ. સ. ૧૯૪૭ મા થયેલી હિંસા દરમ્યાન દીલ્હીમાં હઝરત બખ્તિયાર કાકી ની દરગાહને નુકશાન થયું હતું. તે જોવા માટે ગાંધીજી ૨૭ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ મહરૌલી માં આવેલી બખ્તિયાર કાકી ની દરગાહમાં ગયા હતા.

દરગાહ જોયાં પછી ગાંધીજીએ પ્રધાનમંત્રી નહેરુ ને નિર્દેશ કર્યો કે આ દરગાહ ની મરમ્મત કરાવવી જોઈએ.

નહેરુએ તુરંત દરગાહ ની મરમ્મત અને સૌંદર્યીકરણ માટે સરકારી તિજોરીમાંથી ૫૦ હજાર રૂપિયા જેવી માતબર રકમ મંજૂર કરાવી આપી.

૧૯૪૮ માં ૧૦ ગ્રામ સોના નો ભાવ ૯૫.૮૭ રૂપિયા હતો. એ સમયે ૫૦ હજાર રૂપિયા એ ખૂબ જ મોટી રકમ કહેવાતી હતી.

સોમનાથ મંદિર મુગલ આક્રાંતાઓએ અનેકવાર તોડી પાડવામાં આવ્યું હતું. પરંતુ તેના પુનરુંત્થાન માટે પ્રધાનમંત્રીએ કયારેય ૫૦ રુપિયા પણ મંજૂર કર્યા ન હતાં. અને એ વિષે ગાંધીએ કયારેય નહેરુને અનુરોધ પણ નહોતો કર્યો !!

કયાં સોમનાથ મહાદેવનું મંદિર અને કયાં એક મામુલી શખ્સની કબર??

સર્વ સન્તુ નિરામયા

"આરોગ્યક્ષેત્રે આત્મનિર્ભર કચ્છની ફળશ્રુતિ હવે જનજનસુધી"

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ

શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન & મેડિકલ ટ્રસ્ટ,ભુજ

નિરામય કચ્છ ઐતિહાસિક અભિયાન અંતર્ગત

સર્વરોગ સંપૂર્ણ સારવાર મેગા મેડિકલ કેમ્પ

ગરીબોને તદ્દન નિઃશૂલ્ક, જરૂરીયાતમંદોને યોગ્યતા અનુસાર રાહતદરે

: મેડિકલ સંચાલન :

માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (લેવા પટેલ હોસ્પિટલ) - ભુજ તથા કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભુજ

કેમ્પની તારીખ : ૨૫-૧૨-૨૦૨૨, રવિવાર, સવારે ૮ થી ૧

કેમ્પનુ સ્થળ : કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કચ્છ યુનિવર્સિટી નજીક, ભુજ-મુન્દ્રા રોડ,ભુજ-કચ્છ.
www.kkphospital.org Mo. : +91 70695 65565

કેમ્પમાં સેવા આપશે કચ્છ ગુજરાતના ખ્યાતનામ ડૉક્ટરો

હૃદયરોગ: ડૉ. જયદત્ત ટેકાણી, ડૉ. મીત ઠક્કર
મગજના રોગો: ડૉ. તારેક ખત્રી
કિડનીના રોગો: ડૉ. વિજય નાવડિયા
યુરોલોજી: ડૉ. રોહન બત્રા
કેન્સર: ડૉ. વિકાસ ગઢવી
કેન્સર રેડીએશન: ડૉ. તસ્લીમ નલવાલા
ગેસ્ટ્રોલોજી: ડૉ.સુરેશ હિરાણી
ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી: ડૉ.તેજેન્દ્ર રામાણી

મેડિસિન: ડૉ. મહાદેવ એસ.પટેલ, ડૉ. આશિષ માંકડીયા, ડૉ. કરણસિંહ સોઢા, ડૉ. ઋગ્વેદ ઠક્કર
હાડકાં: ડૉ. આનંદ હિરાણી, ડૉ. મયંક લીંબાણી
જનરલ સર્જન: ડૉ.અજય કાલોત્રા, ડૉ. અમિત ચૌહાણ
લેબોરેટરી: ડૉ.નવીન પટેલ, ડૉ. વિશાલ ભુવા
સ્ત્રી રોગો: ડૉ.દિવ્યા ટેકાણી, ડૉ. સારિકા ધોળકિયા
આંખ: ડૉ. ધવલ શાહ, ડૉ. ભરત વરસાણી

બાળ રોગ: ડૉ. જે.કે.દબાસીયા, ડૉ. ખીમજી પટેલ, ડૉ. લાલજી વાઘજીયાણી, ડૉ. જેન્તી વરસાણી
એનેસ્થેસ્ટીસ્ટ: ડૉ. રાહુલ ત્રિવેદી, ડૉ. નીલેશ ગોસ્વામી, ડૉ. નિશીત રાજ્યગુરુ
રેડિયોલોજી: ડૉ. દિવ્યરાજ જાડેજા, ડૉ.ભવ્ય ચૌહાણ, ડૉ. ભૂમીબા જાડેજા

કાન,નાક, ગળું: ડૉ. સી.વી. લીંબાણી, ડૉ. નીરજ જોબનપુત્રા
દાંતના રોગ: ડૉ. મૌલિકા પકુરી, ડૉ. હિતેશ વરસાણી, ડૉ. ભરત વરસાણી, ડૉ. એકતા ગાજપરિયા
ફિઝિયોથેરાપી: ડૉ. મનસુખ પાંચાણી, ડૉ. હરીશ વરસાણી, ડૉ. રમેશ વરસાણી, ડૉ. દક્ષા ભુડિયા

મેડિકલ ઓફિસર: ડૉ. જયંતિ પિંડોરીયા, ડૉ. દિનેશ પાંચાણી, ડૉ. રાજેશ ભંડેરી, ડૉ. ટવીન્કલ વરસાણી, ડૉ. ભરત હિરાણી, ડૉ. વંદિત જોશી, ડૉ. મધુર ગોરસીયા, ડૉ. વનિતા હાલાઈ, ડૉ. બિજલ ગોર, ડૉ. જીતેશ ખત્રી, ડૉ. પ્રતિક્ષા મવાણી, ડૉ. દિવ્યકાન્ત પટેલ, ડૉ. હસ્તી ગોર, ડૉ. મેહુલ જોશી, ડૉ. જગદીશ ભુવા, ડૉ. હર્ષ ધલ

નોંધ
- કેમ્પ માટે સ્થળ ઉપર જ દર્દીનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.
- કેમ્પ સ્થળે રજીસ્ટ્રેશન થયેલ તમામ દર્દી માટે કેમ્પના ડોક્ટરની સલાહ મુજબ તમામ તપાસ પરીક્ષણ, દવા અને નિદાન નિઃશુલ્ક કરવામાં આવશે. જેમાં એક્સ-રે, લેબોરેટરી રીપોર્ટ, સોનોગ્રાફી, 2D ECO, CT SCAN, MRI, ANGIOGRAPHY સહિતના મોટા નિદાનોનો સમાવેશ કરાયેલ છે.
- કેમ્પના દર્દીઓ માટે સારવાર તથા ઓપરેશન એમ.એમ.પી.જે. તથા કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ભુજમાં કરવામાં આવશે.
- કેમ્પમાં આવતા દર્દીઓએ જૂના રિપોર્ટ, દવા તથા ચાલી રહેલ સારવારની ફાઈલ લાવવી ફરજીયાત છે.
- કેમ્પના દર્દીઓના ઓપરેશન તથા સારવારમાં ગરીબોને મદત તથા અન્યોને યોગ્યતા મુજબ અંશતઃ અથવા સંપૂર્ણ રાહત કમિટીના નિર્ણય મુજબ થશે.
- કેમ્પમાં બાયપાસ, એન્જીયોપ્લાસ્ટી, હાડકાં, કેન્સર, કિડની, હૈડયાં, મગજ તથા અન્ય તમામ મોટા અને અતિ ગંભીર રોગોની સુપર સ્પેશિયાલિટી નિદાન-સારવારનો સમાવેશ કરાયેલ છે. બાયપાસના ઓપરેશન ગુજરાતના ખ્યાતનામ કાર્ડિયો સર્જન ડૉ.ધીરેન શાહ ભુજ મધ્યે કરશે.
- કેમ્પમાં આવેલ આંખના તમામ દર્દીઓના મોતીયો, વેલ, ઝામરના ઓપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવશે.
- કેમ્પના દર્દીઓને તદ્દન મફત કે અન્યોને રાહતદરનો નિર્ણય મેડિકલ કેમ્પની કમિટીનો આખરી રહેશે.

© SKLPS - BHUJ



ગુજરાતમાં સાતમીવાર કમળ ખીલ્યું

ઉમેદવારોની પસંદગીથી લઈ છેલ્લા દિવસ સુધી શાહે મોરચો સંભાળ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારથી કમળ સોળે કલાએ ખીલી ઉઠ્યું

ભારતીય રાજનીતિના ચાણકય ગણાતા આ બન્ને નેતાઓએ સાતેય કામો પડતા મુકી ગુજરાત પર પોતાનું ફોકસ કર્યું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહની જોડીએ ફરી એકવાર ગુજરાતમાં રંગ રાખ્યો છે. મોદી-શાહના જોરે ગુજરાતમાં ભાજપ સાતમી વાર સત્તા પર આવવામાં સફળ થયું છે. આવતા વર્ષ યોજાનારી પાંચ રાજયોની વિધાનસભાની ચુંટણી અને ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચુંટણીનો રોડ મેપ ભાજપે તૈયાર કરી નાંખ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહનું હોમ સ્ટેટ ગુજરાત હોવાના કારણે દેશભરની નજર ગુજરાત વિધાનસભાની ચુંટણી પર ટકેલી હતી. ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયાથી જ અમિતભાઇ શાહે ગુજરાતનો મોરચો સંભાળી લીધો હતો. સતત ચાર દિવસ સુધી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં એક- એક બેઠક માટે ઉમેદવારોના નામની પેનલ બનાવવા માટે ઉંડો રસ દાખવ્યો હતો. ત્યારબાદ કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં પણ ઉમેદવારોના નામ ફાઈનલ કરવા માટે મોદી- શાહની જોડીએ મધરાત સુધી મથામણ કરી હતી.

ઉમેદવારોના નામ જાહેર કરાયા બાદ ગુજરાતમાં ભાજપનું ઘર સળગ્યું હતું. અસંતુષ્ઠોએ રિતસર બળવો પોકાયો હતો. ટિકીટ કંપાયેલા સિટીંગ ધારાસભ્યોએ ભાજપ સામે બળવો પોકાયો હતો અને ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે ફોર્મ ભર્યા હતા અસંતોષની આગને ઠારવા પણ શાહે સારી એવી કસરત કરવી પડી હતી. ચુંટણી પ્રચારનો હવાલો મોદીએ સંભાળી લીધો હતો. ગુજરાતનો ગઢ ફતેહ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં ઝંઝાવાતી ચુંટણી પ્રચાર કર્યા હતો. અનેક જાહેર સભાઓ, વિક્રમ જનક લીડ, રેલીઓ અને વેપારીઓ સાથે બેઠક યોજી હતી. બન્ને તબકકાના મતદાનમાં ચુંટણીના પ્રચાર પડઘમ શાંત થયો ત્યાં સુધી વડાપ્રધાન નરેન્દ્રભાઇએ ગુજરાતમાં ચુંટણી પ્રચાર કર્યો હતો. અમિતભાઇ શાહ પણ ચુંટણીમાં દોઢ માસથી ગુજરાતમાં ધામા નાંખ્યા હતા. તેઓએ પણ જાહેર સભા, રેલી, રોડ-શો અને કી વોટર સાથે મીટીંગો કરી હતી. ગુજરાતમાં જો રતિભાર પણ નુકશાની જાય તો ભાજપને પાલવે તેમ નથી તે વાત મોદી-શાહની જોડી સારી રીતે જાણતી હતી. ભારતીય રાજનીતિના ચાણકય ગણાતા આ બન્ને નેતાઓએ સાતેય કામો પડતા મુકી ગુજરાત પર પોતાનું ફોકસ કર્યું હતું. જેનું શ્રેષ્ઠ પરિણામ ભાજપને ગુજરાતમાં મળ્યું છે.

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં સતત શાસન કરી રહેલું ભાજપ હવે રેકોર્ડ બ્રેક બેઠકો જીતી ગુજરાતમાં સાતમી વખત સત્તારૂઢ થવા તરફ આગળ વધી રહ્યું છે.

ભાજપ ગુજરાત વિજય નો આનંદ ની ઉજવણી, બેંગલોર માં

સાઉથ બેંગલોર પ્રેસિડેન્ટ (હિન્દી ભાષી) એવા મૂળ વિશોણ ગામ ના હાલે બેંગલોર રહેતા પોપટભાઈ જબુઆણી સાથે ગુજરાત વિજય નો આનંદ લીધો..

હાલે ગુજરાત ની ચૂંટણી વેળા માદરે વતન કચ્છ માં છેલા ૧૫ દિવસ થી રોકાણ કરી ને અનેક વિસ્તાર માં ચૂંટણી પ્રવાસ માં જોડાયા અને તલસ્પર્શી અભ્યાસ સાથે વધુ મતદાન થાય તેવા પ્રયાસ કરેલ. સાથે તેમના સાથી ચંદ્રભાઈ નાકરાણી જેઓ પણ બેંગલોર માં રહે છે તેઓ પણ અમરગઢ કચ્છ નાં રહેવાસી સાથે સાંસદ વિનોદ ચાવડા સાથે અને કેશુભાઇ પટેલ ઉમેદવાર ભાજપ પ્રચાર પ્રસાર નાં ફરી ને ૦૮ મીએ બેંગલોર પધારેલ ત્યારે તેઓ સાથે તેમના નિવાસે રૂબરૂ મળી જે આનંદોત્સવ મનાવ્યો હતો. NRG ફાઉન્ડેશન ની વ્યપકતા વધારવા તેઓ કટિબદ્ધ છે.

પોપટભાઈ નું ખાસ સનાતની શતાબ્દી મહોત્સવ પ્રસંગે યુવા ભાજપ નાં રાષ્ટ્રીય નેતા તેજસ્વી સુર્યા સાઉથ બેંગલોર માંથી ચૂંટાયેલા નેતા છે જેઓ ને મે ૨૦૨૩ નાં કચ્છ માં લાવવા આમંત્રણ આપવા આવો એમ વિનંતી કરી હસે..

પોપટભાઈ સક્રિય ભારતીય જનતા પાર્ટી નાં સક્રિય મેમ્બર છે. ગુજરાત નો વિજય અપાવવા માં

ભાજપ ગુજરાત વિજયનો આનંદની ઉજવણી, બેંગલોર માં

એમનું પણ અગત્ય નું સમય યોગદાન રહેલ છે તેનો આનંદ વિજય ગુજરાત નિમિતે સનાતન ધર્મ પત્રિકા સંગીજક સાથે...

દક્ષિણ ભારત નાં સિનિયર અને જુનિયર યુવાસંઘ નાં નેતૃત્વ નાં અનુભવીઓ સાથે યુવાસંઘ નાં પૂર્વ પ્રેસિડેન્ટ રવી ધોળું, માવજીભાઇ દિવાણી, ગૌરાંગ ધાનાણી અને નીતિન લીંબાણી સાથે આગામી સનાતની શતાબ્દી મહોત્સવ નાં અભિગમ ને સાર્થક કરવામાં વર્તમાન યુવાઓ ની ભૂમિકા અને પરિણામ લક્ષી કાર્ય માટે નો કેવી ભૂમિકા હોવી તેનો ચર્ચાઓ માટે ની એક બેઠક મળી, નીતિન લીંબાણી ની સુપુત્રી સોમયા નાં પરિણય નાં પ્રસંગે આશીર્વાદ આપવા પધારેલ સ્થાનિક બેંગલોર કર્ણાટક રીજીયન નાં લીડર, વિનોદ ભાવાણી, દિનેશ લીંબાણી, રમેશ રવાણી વગેરે ની ઉપસ્થિતિ.સાથે આગામી ડિસેમ્બર નાં અંત માં આયોજીત કેન્દ્રીય સમાજ ની કારોબારી અને આયોજન સમિતિ ની સભા અંગે પણ પરામર્શ કરવામાં આવી .

વિનોદ ભાવાણી, કાઉન્સિલ પ્રેસિડેન્ટ યુવાસંઘ..

હિંમતનગર નાં ઉમા વિધાલય દ્વારા માદરે વતન કચ્છ ના પ્રવાસનું આયોજન

" ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા.
જંગલની કુંજ કુંજ જોવી હતી. "

પ્રવાસ નું નામ સાંભળતા જ બાળક નું મન થનગની ઉઠે છે.. પ્રવાસ ગયા પહેલાજ તેનું મન બધેજ ઘૂમી આવે છે.. પ્રવાસ પહેલા જ બધી તૈયારી કરી નાખે છે. અને પ્રવાસ ની તારીખ ની કાગડોળે રાહ જુએ છે. મિત્રો સાથે ચર્ચા કરી પ્રવાસ મા કરવાની મજા નું આયોજન બનાવી નાખે છે..

વિધાર્થી જીવન માં શિક્ષણની સાથોસાથ પ્રવાસ... પર્યેટન... પ્રદર્શન જરૂરી છે. તેનાથી બાળક માં લાંબો સમય સ્મૃતિ રહે છે. સાથોસાથ મિત્રો સાથે હળીમળીને રહેવાની સાથે આનંદમય પળો યાદગાર બની રહે છે.

એ ભાવ સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર ઉમા કેળવણી મંડળ સંચાલિત ઉમા વિધાલય નો શાળામાંથી તારીખ-૧૦ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ચાર દિવસના 'કચ્છ દર્શન' શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ છે. તે મુજબ તારીખ- ૦૯/૧૨/૨૦૨૨ શુક્રવારની રાત્રે ૮:૦૦ કલાકે શાળાના મેદાનમાંથી પ્રસ્થાન કરવામાં આવ્યું છે. પ્રવાસના સ્થળો, રાત્રિ રોકાણ, પ્રવાસના નિયમો, સાથે લાવવાની વસ્તુઓ, બાળકોના સીટ નંબર, તેમના ગ્રુપ લીડર શિક્ષકો તેમનો સંપર્ક નંબર - આવી તમામ માહિતી વિદ્યાર્થી તેમજ વાલીને જાણ કરી દેવામાં આવી છે. વાલીના સૂચનો પણ ધ્યાનમાં લીધા છે. વાલી સાથેની બેઠક ગોઠવી પ્રવાસ અંગે ની માહિતી અને ઘરે થી કરવાની તૈયારી બતાવવામાં આવી.

શ્રી કચ્છ કડવા પાટીદાર ઉમા કેળવણી મંડળ સંચાલિત ઉમા વિધાલય દ્વારા માદરે વતન કચ્છ ના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૦ (પચાસ) વિધાર્થીઓ સાથે ૬ (છ) શિક્ષકો ની સાથે શાળાના સંચાલકશ્રી તુલસીભાઈ સુરાણી પણ જોડાયા છે.. પ્રવાસ માં બાળકો આનંદિત ખૂબ જ ખુશ જોવા મળ્યા હતા.

તારીખ ૦૯/૧૨/૨૦૨૨ ના રાત્રે ૦૮: ૧૫ મિનિટે પ્રસ્થાન કયુ હતું. અને ૧૩/૧૨/૨૦૨૨ ના રાત્રે પ્રવાસ પૂર્ણ કરી પરત ફરશે, એવું વાલીઓ ને જણાવ્યું હતું. પ્રસ્થાન ની ગ્રીન ઝંડી આપવા આવનાર દરેક વાલીઓએ સૌને HAPPY JOURNEY કહી શુભેચ્છાઓ પાઠવી હતી.

સંયોજક -
જગદીશ ભોજાણી, હિંમતનગર

પ્રવાસ ના સ્થળો

::પ્રથમ દિવસ ::
૧૦ ડિસેમ્બર,૨૦૨૨
ભુજોડી, સ્વામિનારાયણ મંદિર, મ્યુઝિયમ, કાળો ડુંગર, સફેદ રણ (રાત્રી રોકાણ ભુજ)

:: બીજો દિવસ ::
૧૧ ડિસેમ્બર,૨૦૨૨
લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન - દેશલપર, વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન, માતાના મઢ કચ્છ ની કુળદેવી શ્રી આશાપુરા માતાજી મંદિર, નારાયણ સરોવર (રાત્રી રોકાણ નારાયણ સરોવર)

:: ત્રીજો દિવસ ::
૧૨ ડિસેમ્બર,૨૦૨૨
અંબેધામ - ગોધરા, માંડવી બીચ, શ્યામજી કૃષ્ણ વર્મા મ્યુઝિયમ (રાત્રી રોકાણ માંડવી)

:: ચોથો દિવસ ::
૧૩ ડિસેમ્બર,૨૦૨૨.
સવારે માંડવી થી અંજાર - જેશલ તોરલ સમાધિ, વારણા ખોડીયાર માતાજી મંદિર, ધોળાવીરા ફરી ને ત્યાં થી પરત હિંમતનગર શહેર તરફ ...

મોદી જી નું અંજાર હેલિપેડ પર આગમન વખતે તેમની સ્વાગત સન્માંન કરતા કડવા પાટીદાર નાં યુવા રાજકીય સભ્ય રતનાપર નિવાસી મહેન્દ્ર શાંતિલાલ રામાણી..

અવસાન નોધ

સ્વ: મણીબેનભાઈ લાલભાઈ હળપાણી
ઉમર : 92 વર્ષ | તા. 07-12-2022
કચ્છ માં ગામ ઘડાણીહાલે માણસા (ઉ.ગુ)

સ્વ. પ્રેમીલાબેન શિવજીભાઈ પારસીયા
ઉમર : 90 વર્ષ | તા. 09-12-2022
કચ્છ માં : પાનેલી (LK)
હાલે માણસા (ગુજરાત)

સ્વ. પાર્વતીબેન ખેતાલાલ ભગત
ઉમર : 68 વર્ષ | તા. 09-12-2022
કચ્છ માં : ખોંભડી | હાલે : લાતુર (મહારાષ્ટ્ર)

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929

H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205